
# શેવાળની ખેતી ગુજરાતને કરશે સમૃદ્ધ

## દરિયાઇ તટ પર શેવાળની ખેતીથી એક પરિવાર મહિને રૂા.7000 કમાઇ શકે : સેન્ટ્રલ સોલ્ટ અને ગુજરાત સરકારનું આયોજ

**ભાવનગર.22 જુલાઇ**

ભાવનગરની વિશ્વવિખ્યાત સેન્ટ્રલ સોલ્ટ એન્ડ મરિન કેમિકલ્સ રિસર્ચ ઈન્સ્ટટયૂટ દ્વારા દાયકાઓથી દરિયામાં ઉત્પન્ન થતી શેવાળ(સી-વીડ)ના અનેક વિધ ઉપયોગ અંગે વૈજ્ઞાનિકો સંશોધન કરી રહ્યાં છે. આ સંસ્થાએ એક સંશોધનમાં પુરવાર કર્યુ છે કે શેવાળની ખેતીથી એક પરિવાર રોજના રૂા.250થી રૂા.500 સુધીની કમાણી રોજની માત્ર બે કલાક જેવી મહેનતથી કરી શકે છે. આ અંગે જાણકારી ગુજરાત સરકારને મળતા સરકારની ગુજરાત લીવલીહુડ પ્રમોશન કંપની(જીએલપીસી)એ સેન્ટ્રલ સોલ્ટ સાથે આ યોજનામાં ટાઇ-અપ કરી રાજ્યમાં 25 જેટલી દરિયાઇ તટ પર આવેલી સાઇટને પસંદ કરી છે અને તેમાં પાંચ સાઇટ પર તો શેવાળની ખેતી કરી કમાણીનુ કાર્ય શરુપણ કરી દેવાયુ છે. જો આ પ્રોજેક્ટ સફળ રહેશે તો ફક્ત શેવાળથી જ ગુજરાતનો 1600 કિલોમીટરનો દરિયા કાંઠો હજારોને રોજીરોટી આપતો થઈ જશે.

ભાવનગરની સેન્ટ્રલ સોલ્ટ સંસ્થામાં દાયકાઓથી શેવાળ અંગે અને તેની વિવિધ ક્ષેત્રે ઉપયોગિતા અંગે સંશોધન કાર્ય વૈજ્ઞાનિકો દ્વારા થઈ રહ્યુ છે. સી-વીડને આપણે શેવાળના નામથી જાણીયે છીએ. જો કે તેમાંથી મળતી પ્રાકૃતિક સંપત્તિ અંગ ભાગ્યે જ કોઈને પૂરી જાણકારી છે. જેમ ભૂમિ પરનો વૃક્ષોનો ઉપયોગ કરીએ છીએ



તે જ પ્રકારે દરિયાઈ વનસ્પતિ સ્વરૂપે શેવાળનો ઉપયોગ કરી આપણે એક પરિવાર દીઠ ઓછામાં ઓછા રોકાણે વધુમાં વધુ વળતર મેળવી શકીએ છીએ. સાથોસાથ આ શેવાળ કાર્બન ડાયોક્સાઇડ જેવા ખતરારૂપ વાયુઓનુ શમન કરે છે તેમજ વૈશ્વિક તાપમાન તથા ક્લાઈમેન્ટ ચેઈન્જમાં પણ અનેક રીતે લાભદાયી છે. જાપાન, ચીન, કોરિયા જેવા દક્ષિણ પૂર્વ એશિયાના દેશોમાં પ્રાચીન કાળથી જ રોજિંદા ભોજનમાં શેવાળનો ઉપયોગ કરતા આવ્યાં છે. શેવાળની માંગ પુરી કરવા માટે દરિયાઈ પ્રદેશોમાં મોટા પાયે શેવાળની ખેતી કરવામાં આવે છે. આજે વિશ્વ કક્ષાએ બજારમાં ખાવાલાયક શેવાળનુ મૂલ્ય રૂા.300 અબજથી પણ વધુ છે.

અનેક રીતે લાભદાયી અને રૂપિયા કમાવી આપતી શેવાળની ખેતી તરફ આજ સુધી ગુજરાતમાં કોઇનુ ધ્યાન ગયુ ન હતુ પણ સેન્ટ્રલ સોલ્ટ સંસ્થાના સંશોધન બાદ રાજ્યના મુખ્યમંત્રી નરેન્દ્રમોદીએ રાજ્યની કંપની ગુજરાત લીવલીહુડ પ્રમોશન કંપનીને આગળ ધરી આ સંસ્થા સાથે વ્યૂહાત્મક જોડાણ કર્યુ છે અને ગુજરાતના 1600 કિ.મી.ના લાંબા સમુદ્રતટને શેવાળની ખેતીથી સમૃદ્ધ કરવાનુ અભિયાન હાથ ધર્યુ છે. જેના પ્રથમ ચરણમાં સૌરાષ્ટ્રના દરિયાઈ તટની પાંચ સાઈટને પસંદ કરવામાં આવી છે જેમાં જાફરાબાદ, સીમર(જામનગર), મારવાડ(કોડીનાર), નવાબંદર અને મીયાણી (પોરબંદર)નો સમાવેશ કરવામાં આવ્યો છે. આ સાઈટ પર શેવાળની ખેતીનો આરંભ કરવામાં આવ્યો છે. જેમાં સેલ્ફ હેલ્પ ગ્રુપના નામ અપાયા છે. સરકાર આ ખેતીમાં સબસીડી પણ આપે છે. તમિલનાડુમાં 1500થી વધુ પરિવારો આ સંસ્થાના લાયસન્સવાળી કંપનીના સહારે શેવાળની વ્યાપારિક ખેતીમાં સક્રિય છે અને પ્રતિ માસ એક કુટુંબ આસાનીથી રૂા.7000 જેવી કમાણી કરી લે છે ત્યારે ગુજરાત તો દેશમાં સૌથી લાંબો દરિયાતટ ધરાવે છે ત્યારે રાજ્યમાં શેવાળની ખેતીથી હજારો પરિવારો જે દરિયા તટે વસે છે તેઓને આ વ્યવસાયમાં જોડવા સરકાર કટિબદ્ધ થઈ છે. આ ખેતીમાં ફર્ટિલાઈઝ
પેસ્ટીસાઈડ કે સિંચાઈનુ પાણી જે
કોઈ અન્ય ખર્ચ પણ નથી શેવાળ
આપોઆપ દરિયાઈ પાણીથી વ
પામે છે. દરિયાઈ તટે અને સમુદ્
અંદર એકાદ-બે કિ.મી.સુધી
લાકડાના તરતા બામ્બુ રાખી આયો
કરી આ ખેતી કરી શકાય છે.

## 45 દિવસ બાદ રોજના રૂા.500ની કમાણી થઇ શ

દરિયા તટે ધારો કે આજે શેવાળની વાવણી કરી તેના 42થી 45 દિવસના સમયગાળા બાદ શેવાળ તૈયાર થઇ જાય છે. જો 250 કિલો શેવાળ મળે અને તેમાંથી 200 કિલો લઇ લેવામાં આવે અને બાકીની શેવાળને પુનઃ દરિયામાં ઉગાડવા માટે છોડી દેવામાં આવે તો એક વ્યવસ્થિત સાયકલ શરૂ થઇ જાય છે. બે માસ બાદ આ સાયકલના પ્રતાપે રોજના રૂા.250થી રૂા.500ની કમાણી શક્ય છે. વળી, આ ખેતીમ
ખાતર, પાણી, દવા કે અન્ય કોઇ સાધન સામગ્રીની જરૂર નથી. માત્ર દરીયાઇ પાણીથી જ આ શેવાળ તૈયાર થઇ જાય છે.

**સી.આર.કે.રેડ્ડી,** સિનિયર વૈજ્ઞાનિક, સેન્ટ્રલ સોલ્ટ સંસ્થા

## સાગર લક્ષ્મી યોજનાનો આરંભ શંખેશ્વરથી કરાયો



**ગત** તા.2 ઓક્ટોબર,2012ને ગાંદ
જયંતીના દિવસથી શેવાળથ
કમાણીની યોજનાનો આરંભ કરાય
છે. આ યોજનાનુ નામ સાગર લક્ષ
આપવામાં આવ્યુ છે. એક એક સાઇ
પર ચુનંદા ૫0 ગ્રુપ તૈયાર કરાશે
આ ખેતી કરશે. સેન્ટ્રલ સોલ્ટ સંસ્થા દ્વારા શેવાળની પ્રાયોગિક ખેતીન
આરંભ જાફરાબાદ, સીમર, મિયાણી, શિવરાજપુર, મીઠાપુર અને ઓખામ
અગાઉથી જ થઇ ચૂક્યો છે. આ સ્થાનો પર શેવાળની બેન્ક બનાવવામ
આવશે અને લોકોને જરૂર પ્રમાણે શેવાળ આપવામાં આવશે.

